ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:૧ (નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ) તા.03/03/૨૦૨૧

પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ગુજરાત વિધાનસભામાં આજરોજ તા.03.03.૨૦૨૧ ના રોજ ગુજરાત રાજ્યનું ૨૦૨૧-૨૨નું બજેટ રજુ કર્યું હતું. આજરોજ રજુ થયેલ આ બજેટ પ્રથમ પેપરલેસ બજેટ છે. ૧ એપ્રિલ સુધી આ બજેટ સત્ર ચાલશે.

શ્રી પટેલે સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ગુજરાતની ૬.30 કરોડની જનતાનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, ગુજરાતનાં સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ પર વિશ્વાસ મૂકી તેમના વિશ્વાસને મતમાં રૂપાંતરીત કરી ગુજરાતની જનતાએ અમને ઘણો પ્રેમ આપ્યો છે.

માનનીય આરોગ્ય અને નાણામંત્રીશ્રીએ બજેટ સત્રની "સર્વે ભવંતુ સુખીનાં: સર્વે સંતુ નિરામયા:" આ શ્લોકનો ઉલ્લેખ કરી શરુઆત કરતા જણાવ્યું કે, કોરોના દરમ્યાન ગુજરાતની ભાજપા સરકારે સર્વશ્રેષ્ઠ કામગીરી કરી છે. ગુજરાત સરકારે કોરોના કાળ દરમ્યાન વિવિધ ક્ષેત્રે ઉત્તમ થી સર્વોત્તમ કામગીરી કરેલ છે. વિશ્વમાં જ્યારે કોરોના મહામારીથી દુનિયાના વિકસિત દેશો પણ પ્રભાવિત થયા હતા, ત્યારે દેશની તથા ગુજરાતની ભાજપા સરકારે સેવાકીય કાર્યો પર વધુ ભાર મુકયો હતો. ગુજરાતે તાત્કાલિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કર્યું તથા ગુજરાતના દર્દીઓને સારામાં સારી આધુનિક સારવાર મળે તેવો પ્રયાસ કર્યો છે. કોરોના સંકટમાં સરકારની ૪૦ ટકા આવક ઘટી છે. ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર કે અન્ય રાજ્યો કરતા સર્વશ્રેષ્ઠ કાર્ય કર્યું છે. વૈશ્વિક આરોગ્ય સંસ્થા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ કોરોના કાળમાં કરવામાં આવેલી ગુજરાત સરકારની કામગીરીને બિરદાવી છે.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતના નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં વડીલોને રસી આપવાનું કામ શરુ કરી દેવાયું છે. કોરોનાકાળ દરમ્યાન મોટી સંખ્યામાં જોડાયેલ આરોગ્યકર્મી, સુરક્ષાકર્મી, સફાઈકર્મી જાહેર વ્યવસ્થામાં ફરજ બજાવતા સરકારી, બિનસરકારી કર્મચારીઓ, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો, દાતાઓ, પ્રેસ અને મીડિયા કર્મીઓ તથા ગૃહના સન્માનીય ધારાસભ્યશ્રીઓ નો અંત:કરણ પૂર્વક આભાર વ્યક્ત કર્યો.

રાજ્યની ભાજપા સરકારે બે દાયકામાં સેવાકીય અને માળખાકીય કાર્યો જેવા કે, નવી મેડીકલ કોલેજો, હોસ્પિટલોની વધારેલી ક્ષમતા, આધુનિક સાધન-સામગ્રીથી સુસજ્જ નવી લેબોરેટરીઓ, બ્લડબેંકો, ૧૦૮ સહિતની આધુનિક એમ્બ્યુલન્સ સેવાઓ, તમામ પ્રકારની દવાઓની ઉપલબ્ધતા, સમરસ સહિતના નવા છાત્રાલયો વગેરે સુવિધાઓના તમામ પ્રકારની દવાઓની ઉપલબ્ધતા અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર સહિતના રાજ્યના બધાજ જિલ્લાઓમાં દર્દીઓની સારવાર માટે સરકારે તમામ વ્યવસ્થાઓ ઉભી કરી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનામાં સરકારની ૪૦ ટકા આવક ઘટી છે. કોરોનાકાળમાં આરોગ્યક્ષેત્રે ભાજપાની ગુજરાત સરકારે ૧૪ હજાર કરોડની રકમ આત્મનિર્ભર ગુજરાત પેકેજ અમલમાં મુકી દરેક સ્તરના ધંધા રોજગાર અર્થે આર્થિક સક્ષમતા જાળવી રાખવા સહાય કરી છે. કોરોનામાં ૬૯ લાખ કુટુંબીજનોને ૬ વખત વિના મુલ્યે ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠાનું વિતરણ કર્યું હતું.

માનનીય નાણાંમંત્રીશ્રીએ આગામી પાંચ વર્ષ માટે ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું 2.27 લાખ કરોડનું બજેટ રજૂ કર્યું જેમાં વિવિધ ક્ષેત્રોને સમાવી લેવામાં આવ્યા છે. જેની ટૂંકમાં વિગત નીચે મુજબ છે.

- ગુજરાતના ઇતિહાસનું સૌથી મોટું બજેટ રજૂ
- વર્ષ 2021-22 માટેનું 2 લાખ 27 હજાર 29 કરોડનું બજેટ
- કૃષિ ખેડૂત કલ્યાણ યોજના માટે 7 હજાર 232 કરોડ
- જળસંપત્તિ માટે 5 હજાર 494 કરોડ
- શિક્ષણ માટે 32 હજાર 719 કરોડ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે 11 હજાર 323 કરોડ
- પાણી પુરવઠા માટે રૂપિયા 3974 કરોડ ની જોગવાઈ
- સામાજિક ન્યાય અને અધિકારીતા માટે રૂપિયા4353 કરોડની જોગવાઈ
- શહેરી વિકાસ માટે 13493 કરોડની ફાળવણી
- શ્રમિક કલ્યાણ અને રોજગાર માટે રૂપિયા 1502 કરોડની જોગવાઈ
- વન પર્યાવરણ માટે રૂપિયા 1814 કરોડ ની જોગવાઈ
- અન્ન અને નાગરિક પુરવઠા માટે રૂપિયા 1224 કરોડ ની જોગવાઈ
- મહેસુલ વિભાગના ફાળે રૂપિયા 4548 કરોડ ની જોગવાઈ કરી છે
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી માટે રૂપિયા 563 કરોડ ની જોગવાઈ
- નિરાધાર વૃધ્ધ પેન્શન માટે 1032 કરોડની જોગવાઈ
- અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે 1500 કરોડનું બજેટ
- પોલીસ માટે નવા વાહન ખરીદવા 50 કરોડનું બજેટ
- સહકારી વિભાગમાં પાકધિરાણ માટે 100 કરોડ ફાળવ્યા
- આવક ઓછી છતાં સરકારે ગુજરાતના વિકાસના કામો નથી અટકાવ્યા. કોરોનાકાળમાં રાજ્યની વિકાસ યાત્રા અમે ચાલુ રાખી. મહિલાઓ, વૃદ્ધોને પેંશન આપવાની કામગીરી ચાલુ કરી.
- માર્ગ અને મકાન વિભાગ માટૈ 11185 કરોડની જોગવાઈ
- બંદર અને વાહન વ્યવહાર વિભાગ માટે 1478 કરોડની જોગવાઈ
- ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગ માટે 13034 કરોડની જોગવાઈ
- ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગ માટે 910 કરોડની જોગવાઈ
- ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે 6599 કરોડની જોગવાઈ
- વન અને પર્યાવરણ વિભાગ માટે 1814 કરોડની જોગવાઈ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

• ગૃહ વિભાગ માટે 7960 કરોડની જોગવાઈ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ. ૭૨૩૨ કરોડની જોગવાઈ નીચે મુજબ છે.

• રાજ્યના 4 લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટોકર (ટબ) વિના મૂલ્ય આપવાની યોજના માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ
• ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ રૂ. ૧૦ લાખની સહાય માટે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત રૂ. ૮૨ કરોડની જોગવાઈ
• બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન તેમજ સર્ટિફાઇડ બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂ. ૫૫ કરોડની જોગવાઈ
• એગ્રી અને ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટરના વિકાસ માટેની યોજના થકી પ્રભાવશાળી બેકવર્ડ અને ફોરવર્ડ લીંકેજીસની જરૂરિયાતો પૂર્ણ કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ.
• ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણ મુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના ઉદ્દેશથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા પ્રથમ વર્ષે રૂ. ૧૦ હજાર તથા બીજા વર્ષે રૂ. ૬ હજાર નાણાકીય સહાયની યોજના માટે રૂ. ૩૨ કરોડની જોગવાઈ.
• ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીના ઉત્પાદનોનું સીધુ વેચાણ રાજ્યના ખેડૂતો દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના શહેરી વિસ્તારમાં કરવા માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ
• ખેડૂતોને હવામાન આધારિત માર્ગદર્શન સમયસર મળે તે હેતુથી ૧૮૦૦ ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.
• રોગ-જીવાતના સમયસર સરવે થકી ઉપદ્રવની જાણકારી મેળવી તેના અસરકારક નિયંત્રણ માટે કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે પ્રાયોગિક ધોરણે રાજ્યના ૧૦ જિલ્લામાં મોબાઈલ ક્રોપ ક્લિનિક માટે રૂ. ૨ કરોડની જોગવાઇ.



**ડૉ.યજ્ઞેશ દવે**
**પ્રદેશ મીડિયા કન્વીનર,**